# જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ) ની કચેરી

## નર્મદા ભવન, સી-બ્લોક, બીજો માળ, વડોદરા.

ફોન: ૦૨૬૫-૨૪૨૬૬૨૨ e -mail : dydir-ddcw-vad@gujarat.gov.in

નં.જિનાની/વિ.જા./શિક્ષણ/૨૦૧૮-૧૯/૫૧૧ થી ૫૧૯ તારીખ: ૭-૨-૨૦૧૯

**ઘણો જરૂરી/ સમયમર્યાદા**

**પરિપત્ર**

વડોદરા જિલ્લાની તમામ કોલેજોના પ્રિન્સીપાલશ્રીઓને જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૬-૦૧-૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૪-ન.બા.૩૪૭ અ-૧ થી ધો-૧૨ના તમામ પ્રવાહોમાં ઉત્તિર્ણ થઈ વર્ષ ૨૦૧૮-૧૯માં માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવી શિક્ષણ વિભાગ તરફથી રૂ.૧૦૦૦/-નો ટોકન દરે ટેબલેટ મેળવનાર વિદ્યાર્થીઓને તેમના માતા-પિતાની વાર્ષિક આવક ધ્યાને લીધા સિવાય રૂ.૧૦૦૦/- વિદ્યાર્થીઓને પરત ચુકવવા(રીએમ્બર્સ કરવા) ઠરાવેલ છે.

રાજ્ય સરકારશ્રીની સુચના મુજબ ગત વર્ષે ધો.૧૨ની પરીક્ષા ઉત્તિર્ણ કરી વર્ષ ૨૦૧૮-૧૯માં આપશ્રીની કોલેજમાં સ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના જે વિદ્યાર્થીઓને શિક્ષણ વિભાગ તરફથી રૂ.૧૦૦૦/- ના ટોકન દરે ટેબલેટ આપવામાં આવેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓને રૂ.૧૦૦૦/- ડી.બી.ટી. (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) થી પરત ચુકવવાના હોવાથી સા.શૈ.પ.વ.ના વિદ્યાર્થીઓ પાસેથી નિયત નમુનાના અરજી પત્રક સાથે ધો.૧૨ની માર્કશીટ, સક્ષમ અધિકારીશ્રીનું જાતિ પ્રમાણપત્ર, પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવી હાલમાં અભ્યાસમાં ચાલુ હોવા અંગેનું કોલેજના પ્રિન્સિપાલશ્રીનું બોનાફાઈડ સર્ટીફિકેટ, સ્નાતકના પ્રથમ વર્ષની ફીની પાવતની નકલ , ટેબલેટ માટે ભરેલ રૂ.૧૦૦૦/- ટોકન ફીની નકલ, વિદ્યાર્થીની બેંક પાસબુકની નકલ, આધારકાર્ડની નકલ, ટેબલેટ સિરીયલ નંબર, મોડલ નંબરની વિગતો મેળવી ખાસ કરીને વિદ્યાર્થીના બેંક ખાતા નંબર, આઈ.એફ.એસ.સી. નંબર તથા આધાર નંબરની પુરતી ચકાસણી કરી આ સાથે સામેલ નિયત નમુનાના અંગ્રેજી પત્રકમાં તમામ કોલમોમાં સંપુર્ણ સાચી વિગતો એકસેલ શીટમાં તૈયાર કરી હાર્ડકોપી તથા સોફ્ટકોપીમાં ફાઈલ સાથે દિન-૭માં બિનચુક અત્રેની કચેરીએ મોકલી આપવા વિનંતી છે.

જિલ્લા નાયબ નિયામક (વિ.જા.)
વડોદરા.

પ્રતિ,

ડીનશ્રી/પ્રિન્સીપાલશ્રી,.......................................................મુ......................તા.....................જિ.વડોદરા

નકલ સવિનય રવાના

માન.નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

E:\desk top files2015\Offices\Sonal ben\ટેબલેટ પરીપત્ર ૨૦૧૮-૧૯.docx

# પરિશિષ્ઠ - ક

<table>
<tr><td>૧</td><td>વિદ્યાર્થીનું નામ</td><td colspan="6"></td></tr>
<tr><td>૨</td><td>પિતા / વાલીનુ પુરૂ નામ</td><td colspan="6"></td></tr>
<tr><td>૩</td><td>વિદ્યાર્થીનું પુરૂ સરનામુ</td><td colspan="6">તા.. . . . . . . . . . . . જિ.. . . . . . . . . . . . . .પીન કોડ : . . . . . . . . . .</td></tr>
<tr><td></td><td>મોબાઇલ નંબર</td><td colspan="6"></td></tr>
<tr><td>૪</td><td>જાતિ :<br>(જાતિનો દાખલો રજુ કરવો)</td><td colspan="6"></td></tr>
<tr><td rowspan="2">૫</td><td rowspan="2">ધોરણ ૧૨ ઉત્તીર્ણ થયાની વિગત<br>(માર્કશીટની નકલ જોડવી)</td><td>બોર્ડનુ નામ</td><td>ઉત્તીર્ણ થયા તારીખ</td><td>સીટ નંબર</td><td>કુલ ગુણ</td><td>મેળવેલ ગુણ</td><td>ટકા</td></tr>
<tr><td></td><td></td><td></td><td></td><td></td><td></td></tr>
<tr><td>૬</td><td>ધોરણ ૧૨ ઉત્તીર્ણ થયા બાદ શેમાં અભ્યાસ કરે છે તેની વિગત</td><td colspan="6"></td></tr>
<tr><td>૭</td><td>જે કોલેજમાં અભ્યાસ કરેતા હોય<br>તેની વિગત (કોલેજમાં પ્રવેશ મેળવ્યાનો આધાર)</td><td colspan="6"></td></tr>
<tr><td>૮</td><td>વિદ્યાર્થીએ ભરેલ ટોકન દર રૂા.૧૦૦૦/- ની વિગત</td><td colspan="6"></td></tr>
<tr><td rowspan="2">૯</td><td rowspan="2">વિદ્યાર્થીને મળેલ ટેબ્લેટની વિગત</td><td>ટેબ્લેટનો સીરીયલ નંબર :</td><td colspan="5"></td></tr>
<tr><td>મોડેલ નંબર :</td><td colspan="5"></td></tr>
<tr><td rowspan="4">૧૦</td><td rowspan="4">વિદ્યાર્થીના બેંકની વિગત</td><td colspan="6">બેંકનુ નામ :</td></tr>
<tr><td colspan="6">એકાઉન્ટ નંબર :</td></tr>
<tr><td colspan="6">બ્રાંચનુ નામ :</td></tr>
<tr><td colspan="6">આઇ.એફ.સી.કોડ. નં.:</td></tr>
</table>

વિદ્યાર્થીની સહી